## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



એક ભારત શ્રેષ્ઠ ભારત કહો છો પણ... લગ્નમાં ઘરના જાજા ભેગા થાય તોય વાંધો કાઢો છો...?

# રાજયભરમાં ૨૫મીએ સુશાસન દિન ઉજવાશે

### મુખ્યમંત્રી ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સ દ્વારા રાજય કિસાન શક્તિનું માર્ગદર્શન કરશે : પ્રધાનમંત્રી કિસાન સન્માન નીધિનો ૫૧.૩૪ લાખ ખેડૂત પરિવારોને પ્રધાનમંત્રીશ્રી દ્વારા સિંગલ કલીકથી ડી.બી.ટી. લાભ મળશે

ગાંધીનગર, તા. ૨૩
ભારતના પૂર્વ પ્રધાનમંત્રી ભારત રત્ન સ્વ. અટલબિહારી વાજપેયીજીના આગામી જન્મદિવસ તા.૨૫ મી ડિસેમ્બર-૨૦૨૦ સુશાસન દિવસ ગુડ ગર્વનન્સ ડે અન્વયે ગુજરાતમાં ૨૪૮ તાલુકા મથકોએ કિસાન કલ્યાણ કાર્યક્રમો યોજીને ધરતીપુત્રોને કૃષિ કલ્યાણલક્ષી વિવિધ લાભ-સહાય અપાશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજયના ખેડૂતોના સર્વગ્રાહી ઉત્કર્ષ અને કૃષિ વિકાસ દ્વારા ખેડૂતોની આવક ૨૦૨૨ સુધીમાં બમણી કરવાના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના લક્ષ્યને સિદ્ધ કરવા 'સાત પગલાં ખેડૂત કલ્યાણનાહ્ન યોજના રાજ્યમાં શરૂ કરાવી છે.

પૂર્વ પ્રધાનમંત્રી અટલબિહારીજીએ જય જવાન, જય કિસાન સાથે જય વિજ્ઞાનનું જે સૂત્ર આપેલું છે તેને સાકાર કરતાં મુખ્યમંત્રીના પ્રેરણા માર્ગદર્શનમાં આ કૃષિ કલ્યાણ કાર્યક્રમોમાં ૨૪૮ સ્થળોએ ઉપસ્થિત રહેનારા ધરતીપુત્રો-લાભાર્થીઓને મુખ્યમંત્રીશ્રી ટેકનોલોજી-વિજ્ઞાનના માધ્યમ દ્વારા ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા વિજયભાઇ રૂપાણી એક સાથે માર્ગદર્શન આપવાના છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ મહેસાણા ખાતેના કાર્યક્રમમાં તેમજ રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ, સાંસદો-ધારાસભ્યો અને પદાધિકારીઓ, બોર્ડ-નિગમ અધ્યક્ષો રાજયના જુદા જુદા જિલ્લાના કુલ ૨૪૮ તાલુકાઓમાં આ કાર્યક્રમમાં સહભાગી થઇ સાધન-લાભ વિતરણ કરશે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના દ્દષ્ટિવંત નેતૃત્વમાં એગ્રીકલ્ચર, ઇન્ડસ્ટ્રી અને સર્વિસ સેકટર સહિતના સર્વગ્રાહી વિકાસમાં નવા સંશોધનો અને અદ્યતન ખેતી સાથે ગુજરાત દેશમાં વિકાસનું રોલ મોડેલ પ્રસ્થાપિત થયું છે.

## ખૂણેખાંચરેથી

- સુશાસન દિવસની રાજયકક્ષાની ઉજવણીનું સ્થળ આજે ફેરવીને મહાત્મા મંદિર કરવામાં આવ્યુ છે.
- સુશાસન દિવસની ઉજવણી માટે જિલ્લાતંત્રમાં બેઠકોનો સિલસિલો આજે દિવસ દરમ્યાન ચાલ્યો હતો.
- સુશાસન દિવસની ઉજવણી કલોલમાં શંભુજી ઠાકોર, દહેગામમાં બલરાજસિંહ ચૌહાણ તથા માણસા ખાતે રાજયમંત્રી વિભાવરીબેન દવેની ઉપસ્થિતિમાં થશે.
- ઔડાએ ગ્રામોત્થાન ફંડમાંથી વધુ પાંચ ગામોને રકમ ફાળવી છે તેમાં સબાસપુર, પિંડારડા, છાલા, ગિયોડ અને મહુન્દ્રાનો સમાવેશ થાય છે.
- આરોગ્ય વિભાગ દ્વારા વેકસીનેશન અંગેની પૂર્વ તૈયારીઓની સમીક્ષા અંગે વધુ એક વિડીયો કોન્ફરન્સ કરવામાં આવી હતી.
- કેન્દ્રીય ચૂંટણી પંચના રાજ્ય ચૂંટણી અધિકારી ડૉ. મુરલી ક્રિષ્ણા આજે સંપન્ન થયેલ મતદાર સુધારણા ઝુંબેશ દરમ્યાન થયેલ કામગીરીની સમીક્ષા માટે ખાસ વિડીયો કોન્ફરન્સ કરનાર છે.
- અયોધ્યામાં રામ મંદિર નિર્માણ કાર્ય માટે નીધિ એકત્ર કરવાના મુદ્દે આજે સંઘ તેમજ ભાજપના આગેવાનોની બેઠકો યોજાઈ હતી.

# શહેરના સેક્ટર-૧૯ જેવા વીઆઈપી વિસ્તારમાં પણ કચરાના ઢગ..!!

### સ્થાનિકોની સુવિધા, કોર્પોરેટરથી માંડીને મહાનગરપાલિકા સુધી લેખિત રજુઆત છતાં અગમ્ય કારણોસર આંખ આડા કાન કરાઈ રહ્યા છે





શહેરમાં તાજેતરમાં જ સ્વચ્છતા સર્વેક્ષણ યોજાયુ હતુ તેમજ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અન્વયે સ્વચ્છતા જાળવણી માટે વિશેષ પ્રયાસો પણ કરવામાં આવી રહ્યાં છે. આમ છતાં શહેરના અનેક વિસ્તારો એવા છે જ્યાં હજુ પણ સાફ-સફાઈની કામગીરી પ્રત્યે ભારે બેદરકારી જોવા મળે છે. જેમાં સેક્ટર-૧૯ જેવા વિસ્તારમાં જ્યાં સરકારના મોટા અધિકારીઓ સહિત વીઆઈપી નાગરિકોનો વસવાટ છે ત્યાં પણ ગંદકીના ઢગ જોવા મળે અને સ્થાનિક નાગરિકોની રજૂઆત છતાં પણ દિવસો સુધી તેનો કોઈ નિકાલ થતો ના હોય ત્યાં શહેરના અન્ય કે છેવાડાના સેક્ટરો જ્યાં સામાન્ય વર્ગના પ્રજાજનો રહે છે તે વિસ્તારોમાં સ્વચ્છતાની જાળવણી માટે કેટલી અપેક્ષા રાખી શકાય.

શહેરના સેક્ટર-૧૯માં બેંક ઓફ ઈન્ડિયાના ક્વાટર્સ નજીક ફેલાયેલી આ ગંદકી અંગે સુવિધા ઉપરાંત સ્થાનિક કોર્પોરેટર સહિત મહાનગરપાલિકામાં લેખિત રજુઆત સહિતના પગલાં સ્થાનિક વસાહતીઓ લઈ ચુક્યાં છે પરંતુ કોઈ અગમ્ય કારણોસર આ ગંદકીના ઢગ હટાવાઈ રહ્યાં થની જેના કારણે આ વિસ્તારમાં રહેતા નાગરિકો માટે આરોગ્ય જાળવણી સંબંધે પ્રશ્નો ખડાં થઈ રહ્યા છે. ગંદકીના કારણે માખી-મચ્છર સહિતના રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ અને દુર્ગંધયુક્ત વાતાવરણ જેવી સમસ્યાઓથી વસાહતીઓ પરેશાનીનો ભોગ બની રહ્યા છે જેથી સત્વરે આ વિસ્તારમાં ફેલાયેલી ગંદકી અને કચરાનો ઢગ દૂર થાય તેવી સ્થાનિકોમાં ઉગ્ર માંગ પ્રવર્તી રહી છે.

# શાહપુર સર્કલથી ૬ લાખની મોંઘીદાટ બ્રાન્ડની ૧૮૧ બોટલ દારૂ જપ્ત

### પોલીસે સફારી ગાડી, દારુનો જથ્થો, મોબાઈલ, રોકડ મળી કુલ રૂ.૯,૧૭,૩૨૦નો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૨૩
ગુજરાતને અડીને આવેલી અન્ય રાજયની સરહદોમાંથી ગુજરાતમાં દારૂ ઠલવાય છે. રાજયમાં દારૂબંધી માત્ર કાગળ પર હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે આગામી ૩૧ ડિસેમ્બરને લઈને રાજસ્થાનથી મોંઘીદાટ ગાડીમાં મોંઘી બ્રાન્ડની દારૂની બોટલો ભરીને હેરાફેરી કરતા બે શખ્સોને શાહપુર ચોકડી પાસેથી એલસીબી પોલીસે દબોચી લીધા છે. એલસીબી પોલીસે રૂ. ૬,૧૨,૮૨૦ની કિંમતની ૧૮૧ દારૂની બોટલ,સફારી ગાડી, મોબાઈલ રોકડ મળી કુલ રૂ. ૯,૧૭,૩૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ શખ્સો સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૧ પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ લતીફખાન તેમજ કોન્સ્ટેબલ રાજવીરસિંહને દારૂની હેરાફેરી અંગે બાતમી મળતા શાહપુર સર્કલ પાસે પોલીસ વોચમાં હતી. તે સમયે સાડા નવ વાગ્યાના સુમારે બાતમીવાળી સફારી સ્ટ્રોમ ગાડી નં. જી.જે.૦૬.એફ.કે.-૨૪૭૬ આવી હતી. ગાડીમાં કવરારામ દેવારામ ચૌધરી (ઉં.૩૨ તક્ષશીલા હેબીટેટ ઓઢવ) અને રાજસ્થાનનો નાથુરામ નવલારામ ચૌધરી (ઉં.૩૮ ધારીમના બાડમેર)બેઠેલા મળી આવ્યા હતા. પોલીસે ગાડી ચેક કરતા મોંઘીદાટ બ્રાન્ડની ૧૮૧ બોટલ દારૂ મળી આવ્યો હતો. આ દારૂની કિંમત રૂ.૬ લાખથી પણ વધુ થવા પામે છે. પોલીસે દારુ અંગે આરોપીઓને પુછતા તેમણે ૩૧ મી ડિસેમ્બરને અનુલક્ષી આ દારૂ રાજસ્થાનના જયુપર થી અમદાવાદ બાપુનગર ભુરા સિંધીને આપવાનો હતો. જયારે પોલીસે રૂ.૬,૧૨,૮૨૦ની કિંમતનો ૧૮૧ બોટલ દારૂ, રૂ,૩ લાખની કાર, રોકડા રૂ.૧ હજાર, રૂ.૩૫૦૦ ના બે મોબાઈલ મળીને કુલ રૂ. ૯, ૧૭,૩૨૦નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અડાલજ પોલીસ સ્ટેશનના વૉન્ટેડ બે આરોપી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગર નજીક અડાલજ પોલીસ મથકમાં નોંધાયેલા હત્યાની કોશિષના ગુનામાં છેલ્લા ૧૦ મહિનાથી ભાગતા ફરતા બે આરોપીનો તારાપુર પાસેથી એલસીબી-૨ પોલીસે ઝડપી પાડ્યા હતા.



એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એસ.પી.જાડેજા અને પી.ડી.વાઘેલા પરિણામ લક્ષી કામગીરી માટે વિવિધ દિશામાં કાર્યરત હતા.તે સમયે હે.કો.જોગીન્દરસીંગ અને પોલીસ કોન્સ્ટેબલ સુરેશકુમારને બાતમી મળી હતી કે અડાલજ પોલીસ મથકમાં હત્યાની કોશિષના ગુનામાં નાસતો ફરતો આરોપી મફાભાઈ ભોપભાઈ ભરવાડ (રહે.હડમતીયાના છાપરા સેકટર-૪), અને લાલાભાઈ ઉર્ફે લીલાભાઈ જાહાભાઈ ભરવાડ(રહે.સે-૧૩ ના છાપરા) હાલમાં તારાપુર પાટીયા પાસે હાજર છે. અને રાજસ્થાન તરફ ભાગી જવાની પેરવીમાં છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા બંને શખ્સો મળી આવ્યા હતા. આ શખ્સો અડાલજ ત્રિ-મંદિર પાસે પાર્લરવાળા સાથે ઝઘડો થયો હતો અને ફરીયાદ નોંધાઈ હતી તે સમયથી નાસતા ફરતા હતા. એલસીબી-૨ પોલીસે બે શખ્સોને અડાલજ પોલીસનો સોંપીનો આગળની તપાસ હાથ ધરી છે.

# જિલ્લાના ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૩
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીની કચેરી તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની કચેરીઓ દ્વારા સંયુકત રીતે 'મોબાઈલ ટુ સ્પોર્ટ્સ' કાર્યક્રમ અંતર્ગત '૨૬મી જાન્યુઆરી- પ્રજાસતાક દિવસ' ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા અને ગાંધીનગર ગ્રામ્ય જિલ્લાના ૮ થી ૧૩ વર્ષના બાળકો લઈ શકશે. સ્પર્ધકે A4 સાઈઝના ડ્રોઈંગ પેપર '૨૬ મી જાન્યુઆરી-પ્રજાસતાક દિવસ' વિષય પર પોતાની કૃતિ તૈયાર કરી તા.૨૬-૧૨-૨૦૨૦ થી તા. ૧૫/૦૧/૨૦૨૧ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં અત્રેની જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, "સી" વિંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, પથિકાશ્રમ હોટલની બાજુમાં, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમ્યાન જન્મ તારીખના આધાર પુરાવા તરીકે આધારકાર્ડ તેમજ બેંક પાસબુક ના પ્રથમ પાનાની ઝેરોક્ષ સાથે રૂબરૂ મોકલી આપવાની રહેશે. વધુ માહિતી માટે કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે.

રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ.૨૫,૦૦૦/- દ્વિતીય વિજેતાને રૂ.૧૦,૦૦૦/- તથા તૃતીય વિજેતાને રૂ.૧૦,૦૦૦/- એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને (પ્રત્યેકને) રૂ.૫,૦૦૦/- મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે.

આ અંગેની વધુ માહિતી 'મોબાઈલ ટુ સ્પોર્ટ્સ' યોજના અંતર્ગત ફેસબુક પેજ https://www.facebook.com/mobile2sports તેમજ યુ ટ્યુબ ચેનલની લીક http://www.youtube.com/channel/UCzsjROvtHpN4rkensUaa-g પરથી મળી શકશે.

# કંપનીના ડિરેક્ટરની ફ્લેટના ૭મા માળેથી મોતની છલાંગ

લોકડાઉન કારણે ધંધા વ્યવસાયમાં નુકસાન જવાથી લોકો આત્મહત્યા કરવાનું અંતિમ પગલું ભરતાં હોવાના કિસ્સાઓ વધી રહ્યા છે. ત્યારે વધુ એક બનાવ સામે આવ્યો છે. ખાનગી કંપનીના ડિરેક્ટરે વ્યાપારમાં નુકસાન થતાં ડિપ્રેશન રહેતાં મોતની છલાંગ લગાવી જીવન ટુંકાવ્યું હતું. અમદાવાદના થલતેજ વિસ્તારમાં રહેતા અને મૂળ રાજસ્થાન અંકિત ટાંકે વહેલી સવારે ફ્લેટના સાતમા માળેથી પડતું મૂકી આત્મહત્યા કરી લીધી. પોલીસ તપાસમાં મૃતક અંકિતને કંપનીમાં ભારે નુકસાન હોવાનાં કારણે ડિપ્રેશનમાં રહેતો હોવાનું સામે આવ્યું છે.


## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

**નિવિદા નંબર - ૧૩, સને ૨૦૨૦-૨૧**
**ટેન્ડર આઈડી નં. ૪૪૦૬૧૮**

ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી "Procurement of Fluoride Electrode for Ion meter used in Water Testing Labs under G.W.S.S.B." અંદાજીત કિંમત રૂ. ૨૨.૧૨ લાખ માટે ઓનલાઈન ભાવો મંગાવવામાં આવે છે. ઠેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણી ઉત્તિર્ણ થવાનું રહેશે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ ૭/૧/૨૦૨૧, ૧૮.૦૦ કલાક સુધી છે. ટેન્ડર ડોક્યુમેન્ટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. બોર્ડને બદા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકારી રહેશે.

માહિતી/૧૫૭૮/૨૦-૨૧


## જાહેર નોટીસ



આથી અમો એસ.એમ. ખત્રી, એડવોકેટ, ડીસા તે અમારા અસીલ રાવતાજી દેવાજી પ્રજાપતિ, રહે. સુખસાગર સોસાયટી, રેલ્વે સ્ટેશન, ડીસા, તા. ડીસા, જિ. બનાસકાંઠાવાળા તરફથી મળેલી માહિતી, સુચના અને સંમતી અનુસાર આ જાહેર નોટીસથી સર્વને જણાવીએ છીએ કે, :

મારા અસીલના પુત્ર નામ પ્રવિણકુમાર રાવતાજી પ્રજાપતિ બાજુમાં જણાવેલ ફોટાવાળા વ્યક્તિ જેઓ છેલ્લા ઘણા સમયથી મારા અસીલના કહ્યામાં નથી અને તેઓ છેલ્લા ઘણા સમયથી તેમની પત્ની સાથે અમારાથી અલગ રહે છે અને અમારી કોઈ વાત માનતા નથી. અને જેના કારણે મારા અસીલે તેઓની સાથેનો પિતા તરીકેનો તમામ વ્યવહાર રદ કરેલ છે અને તેઓની સાથે અમારા અસીલને હવે કોઈ લેવા-દેવા નથી તેમજ અમારા અસીલની સ્થાવર તેમજ જંગમ મિલકતમાંથી પણ પુત્ર તરીકે તેનો હક્ક ફારેગ કરેલ છે. તેવા સંજોગોમાં સદરહુ મારા અસીલનો પુત્ર પ્રવિણકુમાર રાવતાજી પ્રજાપતિ સાથે મારા અસીલ વતી કોઈ પણ ઈસમે કોઈપણ જાતનો વ્યવહાર - વહીવટ, લેવડ-દેવજ, સોદા કરવા નહીં અને જો કોઈપણ ઈસમ તેની સાથે લેવડ-દેવડ કે આર્થીક સોદા કે બીજા કોઈપણ સોદા કે કાનુની પ્રવૃત્તિ કે સામાજીક વ્યવહાર કરશે તો સઘળી જવાબદારી જે ઈસમની રહેશે જેની ખાસ નોંધ લેવી.

**મુ. ડીસા**
**તા. ૨૧/૧૨/૨૦૨૦**

**અમારી મારફત**
**સહી/-**
**(એસ. એમ. ખત્રી)**
**એડવોકેટ**


